ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં થર્ટી ફર્સ્ટની ધમાકેદાર ઉજવણી

## ઠેર ઠેર ડીજે ડાન્સ પાર્ટીના આયોજન કરાયા : શોપીંગ સેન્ટરોમાં પણ ડીજેના તાલે નાગરિકો નાચ્યા
## મધ્યરાત્રિએ ફટાકડાં ફોડી નવા વર્ષનું સ્વાગત કરાયું : ટ્રાફિકમાં ભારે ચહલપહલ જોવા મળી



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણી ધામધૂમથી થવા પામી હતી અને ઠેર ઠેર ડીજે ડાન્સ પાર્ટી સાથે મધ્યરાત્રિએ ફટાકડા ફોડાયા હતા. વર્ષ ૨૦૧૯ના આગમનને વધાવવા શહેરીજનો મન મુકીને નાચ્યા હતા. જયારે સ્વૈચ્છિક સંસ્થાઓએ સેવાકાર્યો થકી ઉજવણી કરી હતી. શહેરમાં વિવિધ કોમર્શિયલ એકમો ખાતે આયોજિત ઉજવણીના પગલે રાત્રે માહોલ ઝાકમઝોળ ભર્યો રહેવા પામ્યો હતો અને ખાણીપીણીના વેપારીઓને તડાકો પડી ગયો હતો.

વિદાય લઈ રહેલા વર્ષ ૨૦૧૮ની અંતિમરાત્રિએ નવા વર્ષ ૨૦૧૯ને વધાવવા શહેરમાં ઈન્ફોસીટી રિસોર્ટ, ક-૭ સર્કલ પાસે શિવાલય પાર્ટી પ્લોટ, કુડાસણમાં સ્પાઈસી સ્ટ્રીટ વગેરે ઉપરાંત એસ.જી. રોડ પર અદાણી શાંતિગ્રામ ટાઉનશીપ સહિત અનેક સ્થળે અને તેજ રીતે એરપોર્ટ રોડ પર પણ વિવિધ જગ્યાએ ડીજે ડાન્સ પાર્ટીના આયોજનો હાથ ધરાયા હતા. આ પાર્ટીઓમાં યુવાધન મન મુકીને ડીજેના તાલે ઝુમી ઉઠયું હતું. આ ઉપરાંત શહેરમાં સેકટર-૨૧, સેકટર-૧૧, સેકટર-૧૬ સહિત કુડાસણમાં રિલાયન્સ ચાર રસ્તા નજીકના શોપીંગ સેન્ટરોમાં ચાલી રહેલી ક્રિસમસ ઉજવણીન આયોજનોમાં થર્ટી ફર્સ્ટ નિમિત્તે ડીજે સંગીતના તાલે ડાન્સનું આયોજન જોવા મળ્યું હતું. આ સાથે ગ્રાહકોને આકર્ષવા વિવિધ મનોરંજક સ્પર્ધાઓ યોજી ઈનામોની લ્હાણી કરવામાં આવતી જોવા મળી હતી. રિલાયન્સ ચાર રસ્તા નજીક એક શોપીંગ સેન્ટરમાં આયોજિત ડીજે ડાન્સના તાલે બાળકોથી માંડીને વડીલો પણ ડાન્સ કરતા જોવા મળ્યા હતા.

થર્ટી ફર્સ્ટની ઉજવણીના પગલે શહેરમાં રાત્રે ટ્રાફિકમાં ભારે હલચલ રહેવા પામી હતી. જેને સંભાળવા ટ્રાફિક પોલીસે વિશેષ વ્યવસ્થા કરી હતી તેમજ અનેક સ્થળે પોલીસનો બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો. મોડી રાત્રિ સુધી ચાલેલી ઉજવણીના પગલે શહેરના ખાણીપીણીના વેપારીઓ, આઈસ્ક્રીમ પાર્લરો, ચાની કિટલીવાળા તથા નાસ્તાની લારીઓવાળાને તડાકો પડી જવા પામ્યો હતો. મધ્યરાત્રિએ શહેરીજનોએ ફટાકડા ફોડી નવા વર્ષને વધાવ્યું હતું.

# બોરીજ ગામના બાકી રહેલા દબાણો કયારે દુર થશે?

## ગામમાં હજુ પણ ૧૩૦થી વધુ મકાનો તેમજ દુકાનો સહિત ગેરકાયદેસર દબાણ યથાવત, દબાણ દુર કરવા જિલ્લા કલેકટરને રજુઆત કરાઈ

ગાંધીનગર, તા.૧

બોરીજ ગામમાં સરકારી જમીન પર ઉભા થયેલા ગેરકાયદેસર મકાનો પર તાજેતરમાં તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. જેમાં ૩૦૦થી પણ વધુ પાકા દબાણો તંત્ર દ્વારા દુર કરી ફેન્સીંગની તારની વાડ કરી દેવાઈ છે ત્યારે સમગ્ર બોરીજ ગામ દબાણની ગીરફતમાં હોય તેમ લાગી રહ્યું છે. દબાણકારોને તંત્રનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે હાલની સ્થિતિએ એક દબાણકર્તા ફલેટ જેટલા મકાન બાંધી રહ્યા છે. ત્યારે આ દબાણ પણ તાત્કાલીક અસરથી અટકાવવું જોઈએ. તંત્રએ આટલું દબાણ દુર કર્યા પછી પણ હજુ ગામમાં ૧૩૦ થી વધુ મકાનો, દુકાનો સહિત દબાણ અકબંધ હાલતમાં છે. બોરીજ ગામના ગેરકાયદેસર દબાણો દુર કરવા ગામના જાગૃત નાગરીકે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી લેખિત રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા બોરીજ ગામના દબાણ પર તાજેતરમાં તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. ગેરકાયેદસ બાંધી દીધેલા કાચા પાકા દબાણો તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી દુર કરવામાં આવ્યા છે. તેમ છતા હજુ પણ બોરીજ ગામમાં દબાણનો રાફડો ફાટ્યો હોય તેમ લાગી રહ્યું છે. કેટલાક ગ્રામજનો સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઓરડીઓ બાંધી મસમોટું ભાડુ વસુલી રહ્યા છે. આ દબાણકર્તાને તંત્રનો ભય રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે ત્યારે મહાકાળી અને ચામુંડા માતાજી મંદિરની આગળ પાછળના ભાગે દબાણકર્તાઓએ દબાણની હદ વટાવી દીધી છે. તો બીજી તરફ સરકારી શાળાની આગળ તેમજ પાછળના ભાગે આવેલ ગૌચરની તેમજ ખરાબાની જમીન પર દબાણ ઉભા કરી દીધા છે.દબાણ તોડવા માટે ભેદભાવભરી નિતી ન રાખવા પણ અનુરોધ કરાયો છે. ત્યારે બોરીજ ગામમાં બાકી રહી ગયેલા પાકા દબાણો તાત્કાલીક અસરથી દુર કરવા બોરીજ ગામના જાગૃત નાગરીકે જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી છે.

# કર્ણાવતી યુનિવર્સિટીના ઓડિયો વીડિયો રૂમમાં ફરી આગ

## યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન બિલ્ડીંગના બીજા માળે બીજી વાર લાગેલી આગમાં સંચાલકોની બેદરકારી બહાર આવી : કોઈ ફાયર સેફટી વગર રૂમમાં વેલ્ડીંગ કામ ચાલુ હતું : આગ કાબુમાં

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક ઉવારસદ ખાતે સ્થિત કર્ણાવતી યુનિવર્સિટીના યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈનના બિલ્ડીંગમાં બીજા માળે આવેલા રૂમમાં આજે બપોરે અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે નાસભાગ મચી જવા પામી હતી. ઓડિયો વીડિયો રૂમમાં એક મહિનામાં બીજી વાર આગ લાગી હોવાની ઘટના બની છે. અગાઉ જ્યારે આગ લાગી હતી ત્યારે આ રૂમમાં મિસ્ત્રી કામ ચાલી રહ્યું હતું અને બે મિસ્ત્રી દાઝી જતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. આજે આ જ જગ્યાએ વેલ્ડીંગનુ કામ ચાલુ હતુ તેના તણખલા ખુરશીઓ પર પડતા આગ ભભુકી હતી. ફાયરબ્રિગેડને આ ઘટના અંગે જાણ કરી બોલાવી લેવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને કલાકની જહેમતે આગને કાબૂમાં લીધી હતી. આ ઘટનામા આખો ઓડિયો વીડિયો રૂમમાં મોટા ભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની કે કોઈને ઈજાઓ થવા પામી ન હતી. આ ઘટનામાં સંચાલકોની બેદરકારી બહાર આવવા પામી છે.



ઉવારસદમાં આવેલી કર્ણાવતી યુનિવર્સિટીમાં બિલ્ડિંગમાં યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટ્યુટ ડિઝાઈન ચાલે છે. આ બિલ્ડિંગમાં બીજા માળે ૧૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવો ઓડિયો-વીડિયો રૂમ આવેલો છે. આ રૂમમાં આજે વેલ્ડીંગ કામ ચાલી રહ્યું હતું અને મજુરો આજે બપોરે અહી કામ કરી રહ્યાં હતા. બપોરનાં અરસામા વેલ્ડીંગના તણખલા ખુરશી સહિતના લાકડાના ફર્નિચર પર પડતા આ ઓડીયો-વિડીયો રૂમમાં આગ લાગી હતી. આગને પગલે આખા રૂમમાં ધુમાડો-ધુમાડો થઈ ગયો હતો. જેને પગલે રૂમમા કામ કરી રહેલા મજુરો પોતાનો જીવ બચાવીને બહાર દોડી આવ્યા હતા. આ ઘટના અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. આગને ફાયરબ્રિગેડની ટીમે કલાકમાં કાબુમાં લઈ લેતા મોટુ માલ મિલ્કતનુ નુકશાન થતા બચી ગયુ હતુ. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ બિલ્ડિંગમાં હાજર તમામ સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી અને તમામના જીવ તાળવે ચોંટી ગયા હતા. નોંધનીય બાબત એ છે કે અગાઉ આ જ સ્થળે જ્યારે આગ લાગી હતી ત્યારે ફાયર સેફટીનું ધ્યાન રાખવા તથા આવા સ્થળોએ ફાયર ઓફિસર કે ફાયરમેનની હાજરીમાં કામ કરવા ઉપરાંત આ સ્થળે ફાયર સેફટીના સાધનો રાખીને કામ કરવાની સૂચનાઓ આપી હોવા છતાં સંચાલકો દ્વારા આ મામલે નિષ્કાળજી રાખી હોવાનું ધ્યાને આવ્યું છે. અગાઉની ઘટનામાં બે મિસ્ત્રી દાઝી ગયા હતા જેમાં એક મોતના મોંમાંથી બહાર આવ્યો હતો. તેમ છતાં હજુ સંચાલકો દ્વારા કરવામાં આવતી બેદરકારી કોઈ મજૂરનો કે વિદ્યાર્થી કે સ્ટાફના કર્મચારીનો ભોગ લે તો નવાઈ નહીં.

# ગુરુવારે ગાંધીનગર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૩જી ડીસેમ્બરના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના પ્રમુખપદે સાંજે સાડાચાર વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ગાંધીનગર ખાતે યોજાશે.

જેમાં 'અમૃત મહોત્સવ'ના કાર્યક્રમની રૂપરેખા તથા સન્માનપાત્ર સભ્યોના નિમંત્રણ પત્રોના વિતરણ અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવશે તો સંસ્થાના પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓને અચૂક હાજર રહેવા પ્રવરમંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

# ગાંધીનગર ખાતે વિકલાંગ ખેલાડીઓની વોલીબોલ સ્પર્ધા અને સીનીયર સીટીઝન માટેની વિવિધ રમતની સ્પર્ધા જાન્યુઆરીમાં યોજાશે

ગાંધીનગર, તા.૧

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર શહેર અને ગ્રામ્ય જિલ્લા કક્ષા વિકલાંગ ખેલાડીઓની વોલીબોલ સ્પર્ધા (ભાઈઓ) અને સિનીયર સીટીઝન માટે એથ્લેટીકસ, વોલીબોલ, યોગાસન, કેરમ, ચેસ, રસ્સાખેંચ અને ક્રિકેટની સ્પર્ધાનું આયોજન જાન્યુઆરી-૨૦૧૯ના અંતિમ સપ્તાહમાં ગાંધીનગર ખાતે કરવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ તેમની અરજી કોરા કાગળ પર નામ સરનામા તથા ફોન નંબર સાથે અત્રેની જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, 'સી' વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન તા. ૫મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં આપવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવાનો રહેશે, તેવું જિલ્લા રમતગમત અધિકારી આર.પી.ચૌધરીએ જણાવ્યું છે.



ગાંધીનગર જિલ્લાની હરિધામ એન્કલેવ, કુડાસણ તથા સે-૩-એ ન્યુની મહિલાઓએ દર વર્ષની જેમ આ વર્ષે પણ કુતરાઓને લાડુ બનાવવાનું સેવા કાર્ય કરેલ છે. જેમાં ભગીરથ કાર્યમાં કામીનીબેન વી. ઓઝા તથા હંસાબેન ત્રિવેદીએ આ ઉમદા સેવાયજ્ઞમાં ભાગ લીધેલ તેમજ અન્ય સોસાયટીની બહેનોએ પણ ભારે મહેનત કરી શ્રમયજ્ઞ પુરો કરેલ છે.

મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે અબોલ પશુઓ જેવા કે ગાય, કૂતરાં માટે ઘીના લાડુ બનાવવાની સેવા હાલમાં દરેક સેકટરે સેકટરે ચાલી રહી છે ત્યારે સેકટર-૩-ન્યુ ગાંધીનગર આર.ટી.ઓ. ઓફિસ નજીકના ગોપી મહિલા મંડળની બહેનો દ્વારા કૂતરાં માટે ૪૦ કિલો લોટના લાડુ બનાવી આસપાસના વિસ્તારના કૂતરાઓને ખવડાવવામાં આવ્યા હતા.



## 'તમારે જે કાયદેસર કાર્યવાહી કરવી હોય તે કરી શકો છો'

# સે-૧૯ પાસે કારને ટક્કર મારીને મહિલા તબીબ વટથી પોતાની કાર લઈને નીકળી ગઈ..!

## જિમખાના પાસે સવારે બનેલી ઘટનામાં પોલીસ ફરિયાદ : બેંકના સિનિયર મેનેજરે પોતાની ગાડીને થયેલા નુકસાન મામલે નોંધાવી ફરિયાદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૯ ખાતે જીમખાના સામે આજે સવારે એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. અમદાવાદની બેંકમાં ફરજ બજાવતા સિનિયર મેનેજર આજે સવારે તેમની કાર લઈને જીમખાના પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની કારને બીજી કારે ટક્કર મારી હતી. અકસ્માત સર્જાયા બાદ સામેની કાર માંથી એક મહિલા ઉતરી અને પોતે છે તેમ કહીને તમારે જે કાયદેસર કાર્યવાહી કરવી હોય તે કરી શકો છો તેમ કહી વટથી તે મહિલા પોતાની કાર લઈને નીકળી ગઈ હતી. બેન્કનો મેનેજર આ ઘટના જોઈને સ્તબ્ધ થઈ ગયો હતો. પોતાની ગાડીને થયેલા નુકશાન મામલે મેનેજરે મહિલા કાર ચાલક સામે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મૂળ રાજસ્થાનના રહેવાસી અને હાલ ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ખાતે રહેતા આસિફ સેન અમદાવાદ આશ્રમ રોડ ખાતે આવેલી એચડીએફસી બેંકમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવે છે. આજે સવારે આસીફ સેન તેમની ઉત્તર પ્રદેશ પાસિંગની હોન્ડા બ્રીઓ કાર લઈને સેક્ટર-૧૯ ખાતે ગયા હતા. ઈસ્ત્રી કરવા આપેલા કપડા લઈને તેઓ પોતાની કારમાં પરત ફરી રહ્યા હતા ત્યારે જીમખાના સામે તેમને અકસ્માત નડયો હતો. જીમખાના પાસેથી તેઓ કાર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે ડાબી બાજુ થી એક કારે તેમની કારને ટક્કર મારી હતી. આ અકસ્માત બાદ સામેની કારમાંથી એક મહિલા ઉતરી અને કહેવા લાગી હતી કે તમારે ગાડી ધીમે ચલાવવી જોઈએ... મારું નામ ડો.શૈલી મહેતા છે... આ અકસ્માત બાબતે તમારે જે કાયદેસર કાર્યવાહી કરવી હોય તે કરી શકો છો... તેમ કહીને મહિલા તબીબ પોતાની કારમાં બેસી ગઈ હતી અને પળવારમાં જ પોતાની કાર લઈને ત્યાંથી ચાલી ગઈ હતી. આસિફ સેને પોતાની કાર ગેરેજમાં બતાવતા ૩૫ હજારનું નુકસાન થયું હોવાનુ જાણવા મળ્યું હતું. આ મામલે આસિફ સેને જીજે ૧ આર.ડબલ્યુ ૪૬૪૧ નંબરની કાર ચાલક મહિલા સામે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

# વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો રજતજયંતિ મહોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૧

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો રજત જયંતિ મહોત્સવ રાઘવ ફાર્મ ઝુંડાલ ખાતે રવિવારે યોજાયો હતો.

અધ્યક્ષસ્થાને સાંતેજ ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશન તથા કલોલ તાલુકાના અગ્રણી જયેન્દ્રભાઈ વિષ્ણુપ્રસાદ કોઠારી તથા મુખ્ય મહેમાન પદે રાઘવ ફાર્મના મહેશભાઈ બાબુલાલ મહેતા, રાઘવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ઝુંડાલ, સમારંભના ઉદઘાટક ઉરેશભાઈ ઈન્દ્રવદન મહેતા, નિવૃત્ત મુખ્ય ઈજનેર (વિદ્યુત), મુખ્ય અતિથિ પદે ૠચિરભાઈ અતુલભાઈ ભટ્ટ-ગાંધીનગર ભારતીય જનતા પાર્ટીના અગ્રણી, અતિથિવિશેષ પદે પ્રવિણકુમાર રમણલાલ રાવલ (પાલજ), મુકુંદરાય છોટાલાલ રાવલ (પાનસર), નવીનચંદ્ર માણેકલાલ રાવલ-નિવૃત્ત સરકારી અધિકારી, ભાવેશકુમાર હર્ષદરાય રાવલ કલોલના અગ્રણી એડવોકેટ, ડૉ. પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતા-એડવોકેટ-નિવૃત્ત પ્રોફેસર ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના અગ્રણી એડવોકેટ અને ભાજપના અગ્રણી અતુલભાઈ પંડયાએ સ્વાગત પ્રવચન તથા મહેમાનોનો પરિચય આપ્યો હતો.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પરિવારની પરિચય પુસ્તિકા તથા હાટકેશ દાદાના ફોટાવાળા નવા વર્ષના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

વિસનગરા નાગર પરિવારના શિલ્પીઓ, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું શાલ તથા મોમેન્ટો સાથે સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ.પ્રો.મહેન્દ્રભાઈ દવે, ભગવતીપ્રસાદ રાવલ, મનુભાઈ મહેતા, સુભાષ ભટ્ટ અને મહેશભાઈ રાવલ, પ્રમોદચંદ્ર મહેતા, સુરેશભાઈ મહેતા, સનતભાઈ પંડયાનું સન્માન કરવામાં આવ્યું હતું. પરિવારની સ્થાપના કાળથી માર્ગદર્શક ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતભરમાંથી આવેલ નાગર અગ્રણીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમના પ્રારંભ અગાઉ તેજસ્વી તારલાઓનું પણ ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ડૉ. રવિન્દ્રભાઈ મહેતા, ડૉ. પ્રમોદચંદ્ર મહેતા, શ્રીમતી જયોત્સનાબેન જહા વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાત્રે સુરમધુર કલાવૃંદ ગાંધીનગરના મયંકભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પચ્ચીસ વર્ષમાં પરિવારની પ્રગતિની ફિલ્મ દર્શાવવામાં આવી હતી. સાથે સાથે નાગરોની વર્ષો જુની પરંપરાગત આગવી શૈલી તથા નાગરોની મર્દાનગીશ્રી નરસિંહ મહેતા, દિવાન બક્ષી સાહેબ વગેરેની નાટિકાઓ તથા રાસ ગરબાથી તથા ફિલ્મી ગીતોથી કાર્યક્રમ ખીલી ઉઠયો હતો. મોડી રાત્રિ સુધી શિયાળાની ઠંડીમાં નાગર પરિવારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

અતુલભાઈ પંડયા, કમલેશભાઈ પંડયા, તીર્થ પંડયા, સનત પંડયાએ કાર્યક્રમની સફળતા માટે મોટું આર્થિક યોગદાન આપ્યું હતું. રજતજયંતિના સ્વપ્રદ્રષ્ટા સરકારી વકીલ હિતેશભાઈ રાવલે કાર્યક્રમનો સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમની સફળતા માટે ચિરાગભાઈ રાવલ, કૌશિકભાઈ રાવલ, શ્રીમતી સોનાલીબેન રાવલ, બિદ્રેશભાઈ રાવલ, ધર્મેન્દ્રભાઈ રાવલ, હિતેશભાઈ રાવલ, સુભાષભાઈ ભટ્ટ, સુરેશભાઈ મહેતા, પ્રશાંત મહારાજા, આશિષભાઈ પંડિત, મહેશભાઈ ઠાકર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

વિશેષમાં વિસનગરા નાગર પરિવારના સતત ૨૫ વર્ષ સુધી મંત્રી તથા પ્રમુખપદ તથા પદાધિકારી તરીકે સેવા આપનાર મહેશભાઈ રાવલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં વિસનગરા નાગર પરિવારો ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તે કાર્યક્રમની સફળતાનું શ્રેય હતું.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ રતનબેન જેઠાભાઈ, ઉ.વ. ૯૫
- સ્વ. દંતાણી સેંધાભાઈ બાબુભાઈ, ઉ.વ. ૩૩
- સ્વ. નેનાજી આતાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. પટેલ મણીબેન અંબાલાલ, ઉ.વ. ૯૦
- સ્વ. ઓમપ્રકાશ છબીલદાસ માટા, ઉ.વ. ૮૧
- સ્વ. અંજુબેન વિક્રમાદિત્ય દરજી, ઉ.વ. ૨૭
- સ્વ. સોની પ્રદ્યુમન ડાહ્યાભાઈ, ઉ.વ. ૫૯
- સ્વ. રબારી ભીખાભાઈ નાથુભાઈ, ઉ.વ. ૬૪
- સ્વ. સુશીલાબેન વિનોદચંદ્ર પટણી, ઉ.વ. ૬૭
- સ્વ. વાળંદ મીઠાભાઈ મગનભાઈ, ઉ.વ. ૬૫